પાલનપુરમાં જીમમાં જતી યુવતીનું અપહરણ થતા ચકચાર

યુવતીનો પરિવાર ધનિક હોઈ પરિચય કેળવી ૭ શખ્સોએ કર્યું અપહરણ

પાલનપુરમાં જીમમાં જતી યુવતી નું સાત શખ્સોએ અપહરણ કરતા ચકચાર મચી જવા પામી છે. આ ઘટનાને પખવાડીયું વિતવા છતાં યુવતીનો કોઈ પત્તો ન મળતાં આખરે તેના પરિવારજનોએ પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. જેના આધારે પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પાલનપુરમાં શહેરના બેચરપુરા વિસ્તારમાં રહેતા એક પરિવારની યુવતી શહેરના ટ્રેઝર જીમમાં કસરત કરવા જતી હતી. જે તા. ૧૫ ફેબ્રુઆરીએ બેચરપુરા શિવ શક્તિ સોસાયટી નજીકથી પસાર થઇ રહી હતી. ત્યારે પાલનપુર તાલુકાના ખોડલાના કલ્પેશભાઇ લક્ષ્મણભાઇ જુડાલ, કિરણ લક્ષ્મણભાઇ જુડાલ, પ્રકાશભાઇ ભગવાનભાઇ આકોલીયા, કેશરભાઇ કાંતિભાઇ જુડાલ, પાલનપુર તાલુકાના ચડોતરના ચેતન ગણેશભાઇ વળાગાંઠ, કલ્પેશ લક્ષ્મણભાઇ ખરસાણ અને પાલનપુર તિરૂપતી સોસાયટીમાં રહેતો હરિભાઇ ધનરાજભાઇ બેરા એક બીજાની મદદગારીથી યુવતીનું અપહરણ કરી ગયા હતા. આ ઘટનાને પંદર દિવસ થયા હોવા છતાં યુવતીનો કોઇ પત્તો ન લાગતાં આખરે પરિવારજનોએ પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે તમામ શખ્સો સામે ગૂનો નોંધી પીઆઇ આર. કે. સોલંકીએ વધુ તપાસ હાથ ધરી છે.

ચિલોડામાં ફૂલગરબા મહોત્સવ યોજાયો

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામના મુખ્યચોકમાં મહાકાલી મંદિરની પાસે બળિયાદેવ મહારાજ અને મહાકાલી માતાજી યુવક મંડળના સહયોગથી શનિવારે દેવ-દેવીઓના માનતાના ફૂલવાળા ગરબાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દર વર્ષે યોજાતા આ ગરબા મહોત્સવમાં આ વર્ષે કુલ ૨ ૩થી વધુ શણગારેલા ફૂલગરબા ગામની મહિલાઓએ માથે લઈને ઉત્સવમાં ભાગ લીધો હતો. આ ઉપરાંત, ગામની તમામ મહિલાઓ, યુવકો તથા ભાવિક ભકતોએ ગાયક કલાકાર શિતલ ઠાકોરના કંઠે ગરબાની રમઝટ બોલાવી હતી. ગરબા મહોત્સવ નિમિત્તે સમગ્ર ગામને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યું હતું. આ ઉપરાંત, યુવકમંડળ દ્વારા એલ.ઈ.ડી. સ્ક્રીનની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેના થકી મોટી સંખ્યામાં ભાવિક ભકતોએ ગરબાનું જીવંત પ્રસારણ માણ્યું હતું.

બાયડ તાલુકાના પેન્ટરપુરા ગામના પશુપાલકે વ્યાજખોરોના ત્રાસથી દવા પીધી

મોડાસા, તા. ૨૭

બાયડ તાલુકાના પેન્ટરપુરા ગામે રહેતા રાજેન્દ્રભાઇ કાંન્તિભાઈ પટેલ જે પશુપાલનના વ્યવસાય કરે છે. અને બાયડ ખાતે તેમની ઉમીયા નામની દૂધની ડેરી

આવેલી છે. અઢી વર્ષે અગાઉ ચોઇલા રોડ પર આવેલ સમર્થ કેપીટલ નામની પેઢીના માલીક કેતુલ પટેલ (વિવેકાનંદ સોસાયટી બાયડ), અમીત પટેલ (સોની પુરાતા : કપંડવજ) અને પ્રદિપ પટેલ (વ્રજ ગાર્ડન સોસાયટી)નાએ રાજેન્દ્રભાઈને પેઢીમાંથી ૩૦ લાખ રૂપીયા ૧૫ ટકાના વ્યાજે આપ્યા હતાં. અને રાજેન્દ્રભાઇ જોડેથી ડેમાઈ સેન્ટ્રલ બેન્કના કોરા ચેકો આ ફાઇનાન્સરોએ લીધ્યા હતાં. આ ફાઇનાન્સરો ૧ લાખના દિવસના ૪૦૦ રૂપીયા વ્યાજ પ્રમાણે રાજેન્દ્રભાઇ દર દસ દિવસે વ્યાજ આ ફાઇનાન્સરોને જમા કરાવતાં હતાં. વ્યાજના પૈસાની જમા પાવતી આ વ્યાજખોરો રાજેન્દ્રભાઈને આપતાં ન હતાં. તેમ છતાં પણ રાજેન્દ્રભાઈએ સતત દોઢ વર્ષ સુધી સમયસર વ્યાજખોરોને વ્યાજ આપ્યું હતું. થોડા જ સમયની અંદર રાજેન્દ્રભાઈએ ૩૦ લાખ રૂપીયા સમર્થ કેપીટલના ફાઇનાન્સરોને પરત કરી દિધ્યા હતાં. તે વખત રાજેન્દ્રભાઈને કોઈ કારણસર ચેકો આ ફાઇનાન્સરોએ પરત આપ્યા ન હતાં. તેના થોડા સમય પછી આ ફાઇનાન્સરોએ રાજેન્દ્રભાઈના ૯૦ લાખ રૂપીયા બાકી છે તેમ કહી દરરોજે ઉઘરાણી કરતાં હતાં. અને માનસિક ત્રાસ આપતાં હતાં. તેમ છતાં તેમની ઓફીસમાં નોકરી કરતાં ધનશ્યામ ગોસ્વામીનું લગ્ન હોવાથી રાજેન્દ્રભાઈની ઉમીયા ડેરીમાંથી દૂધની બનાવટની ચીઝ વસ્તુઓ લઈ ગયા હતાં. તે દૂધની બનાવટની ચીઝ વસ્તુઓનું બીલ આશરે ૨૫૦૦૦ જેટલીકીમંત નું થયું હતું તે બીલના રૂપીયા બારોબાર વ્યાજમાં કાપી દિધ્યા હતાં. આ ફાઇનાન્સરોએ પણ અગાઉ લોકોને વ્યાજે રૂપીયા ધરીને ફાઇન્સરો આ લોકોની પાસેથી મૂડી કરતાં વ્યાજ બમણું લઈ વ્યાજે લેનારની સ્થિતિ કફોડી કરીને તેની મિલ્કતો હડફ કરતાં હોય છે. વ્યાજે લીધેલા માણસની કફોડી હાલતની લીધે તે મજબૂર થઈ તેની આખી જીંદગીની કમાયેલી મિલ્કત આ ફાઇનાન્સરો હડફ કરી લે છે. તેવું ટોક ઑફ ટાઉન માં ચર્ચાઈ રહ્યું છે.

ઊંઝાના ભર બજારમાં પોણા બે લાખની ઉઠાંતરી

ઊંઝા, તા. ૨૭

વેપારી મથક ઊંઝા ખાતે શહેરના મુખ્ય રાજમાર્ગ પર આવેલ નવાગંજ બજારના દરવાજા પાસે છોટા હાથીમાં પડેલ કચ્છના ખેડૂતના રૂપિયા પોણા બે લાખ રૂપિયા ભરેલ થેલીની ધોળા દિવસે કોઈ ગઠિયાઓ આબાદ ઉઠાંતરી કરીને ક્યાંક ફરાર થઈ ગયા હોવાનો ચોંકાવનારો બનાવ બનેલ છે.

જાણવા મળ્યા મુજબ ઊંઝા માર્કેટયાર્ડમાં સિઝન ચાલતી હોઈ ગુજરાત અને રાજસ્થાનમાંથી ખેડૂતો પોતાની ખેત ઉપજના માલો વેચવા માટે ઊંઝા આવી રહ્યા છે. ત્યારે કચ્છના રાપર તાલુકાના ગામમાંથી કેટલાક ખેડૂતો છોટા હાથીમાં જીરૂ ભરીને ઊંઝા માર્કેટયાર્ડમાં વેચાણ કરવા માટે આવ્યા હતા. રવિપાક વેચીને રોકડા નાણાં થેલીમાં છોટા હાથી વાહનના કેબિનમાં મુકીને તેઓ નવા ગંજબજારના નાકે ખાટલા ખરીદ કરી રહ્યા હતા ત્યારે ખેડૂતોની નજર ચૂકવીને કોઈ ગઠિયાઓ ધોળા દિવસે સાંજના સમયે છોટા હાથીમાં પડેલ રૂપિયા પોણા બે લાખની રોકડ રકમ ભરેલ થેલીની આબાદ રીતે ઊઠાંતરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા.

કહે છે કે નવા ગંજ બજારના નાકે લગાવેલ સીસી ટીવી તેમજ નજીકની એક દુકાનના સીસીટીવી કેમેરામાં ખેડૂતના રૂપિયાની ચોરી કરનાર ત્રણેક શખ્સો કેદ થઈ ગયા છે. જો કે સ્થાનિક પોલીસ મથકે આ બાબતે કોણ જાણે કેમ કોઈ ફરિયાદ નોંધાયેલ નથી.

ઊંઝા શહેર અને તેની આસપાસના વિસ્તારમાં છેલ્લા ઘણા વખતથી પોલીસતંત્રની નિષ્ક્રિયતાને કારણે મિલકત વિરૂદ્ધના, વાહનચોરીના ગુનાઓ તેમજ સમાજ વિરોધી બદીઓનું પ્રમાણ વધી જતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તદ્દન ખાડે ગઈ છે. નવાઈની વાત તો એ છે કે પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પણ ચૂપચાપ બનીને બેઠા છે. તેઓને જાણે પ્રજાના દુઃખ, દર્દ, સમસ્યાઓની કંઈજ પડી ન હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

થરાદ નગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો

ભાજપના લવજીભાઈ વાણિયા પ્રમુખ જ્યારે અપક્ષના ચોથાભાઇ રબારી ઉપપ્રમુખ

થરાદ નગરપાલિકાના હોલમાં સોમવારની બપોરે ૧૨ વાગ્યે ચૂંટણી અધિકારી અને નાયબ કલેકટર એ.કે. કલસરિયાની અધ્યક્ષતામાં મળેલી ખાસ સામાન્ય સભામાં નગરપાલિકાની અઢી વરસની બોડીના નવા પ્રમુખ, ઉપપ્રમુખની ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થયો હતો. જેમાં કોંગ્રેસ શહેર પ્રમુખ હાજીભાઈ પઠાણ દ્વારા કોંગ્રેસના સદસ્યોને અપક્ષ સદસ્ય હીરાલાલ રાઠોડ તથા ઉપપ્રમુખ માટે જતીનભાઈ લિડીયા તરફી મતદાન કરવાનો વ્હીપ અપાયો હતો. જેની સામે ભાજપના શહેર પ્રમુખ વસંત ત્રિવેદીએ ભારતીય જનતા પાર્ટીના સિમ્બોલ પર ચૂંટાયેલા લવજીભાઈ વાણીયા તથા અપક્ષ સદસ્ય ચોથાભાઈ કાળાભાઈ રબારીના નામ રજુ કરી વ્હીપ આપતાં નાયબ કલેક્ટરે આંગળી ઉંચી કરીને મતદાન કરાવ્યું હતું.જેમાં કોંગ્રેસના તરફે તેમના સિમ્બોલ પર જીતેલા આઠ સદસ્યોએ તથા કોંગ્રેસની વિચારસરણી ધરાવતા ત્રણ અપક્ષ સદસ્યો સુમિત્રાબેન વસંતકુમાર દવે, હિરાલાલ પ્રેમાજી રાઠોડ અને કુંવરલાલ કરમણભાઈ ડોહટ મળીને ૧૧ જ્યારે ભાજપ તરફે ભાજપના ૧૨ ઉપરાંત ૫ અપક્ષો ચોથાભાઈ કાળાભાઈ રબારી, રામાભાઈ વનાભાઈ રબારી, મણીબેન પ્રભુભાઈ માળી, કિર્તીદાબેન કરશનભાઈ ગોહિલ તથા હરેશભાઈ નાગજીભાઈ મતદાન કરતાં ભાજપના પ્રમુખ ઉપપ્રમુખની તરફેણમાં ૧૭ જ્યારે કોંગ્રેસ તરફે ૧૧ મત પડ્યા હતા. આમ ભાજપ તરફી બહુમતીથી મતદાન થતાં ભાજપના સદસ્યોને વિજેતા ઘોષિત કરવામાં આવ્યા હતા.

મિડિયાકર્મીઓને અળગા રખાતા કચવાટની લાગણી

પાલિકા હોલમાં ચૂંટણી પ્રક્રિયા શરૂ થવાની સાથે જ પોલીસ દ્વારા મીડિયા કર્મીઓને બહાર નીકળી જવા જણાવી મુખ્ય પ્રવેશદ્વાર બંધ કરી દેવાયું હતું. એટલું જ નહી ઝાળીમાંથી બહાર ઉભા રહીને પણ કામગીરી ન જોઇ શકે તે માટે પણ નીચે જવા જણાવાતાં મિડીયા કર્મીઓમાં રોષ સાથે નારાજગીની લાગણી ફેલાવા પામી હતી. જોકે પોલીસે તેમને મતદાનની પ્રક્રિયાએ ગુપ્તાનો ભાગ હોઇ ચુંટણી અધિકારીનો આદેશ હોવાનું જણાવ્યું હતું. જોકે પાલિકામાં યોજાઇ રહેલી પ્રમુખ ઉપપ્રમુખની ચુંટણીએ જાહેરમાં થઇ રહી હતી. તેને પાલિકાના ૨૮ સદસ્યો અને ચુંટણી અધિકારીઓ તથા પોલીસકર્મીઓ પણ નિહાળી રહ્યા હતા. તો પત્રકારોથી વળી ગુપ્તતા કેવી ? વળી અગાઉની ચુંટણીઓમાં કોઇ ચુંટણીઅધિકારી દ્વારા આવું વર્તન મિડીયા સાથે કરવામાં નહી આવ્યું હોઇ જાહેરમાં યોજાનારી ચુંટણી પ્રક્રિયા નિહાળીને આમ પ્રજાને માહિતી આપવા ઉપસ્થિત મિડીયા કર્મીઓમાં બંધબારણે ચૂંટણીના હેતુ અંગે તર્ક સાથે ટીકા કરી હતી.

વિધાનસભામાં.... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બુટલેગરો અને દારુના અડ્ડા અંગે ૩૯૭ ફરિયાદો મળી

જંબુસરના ધારાસભ્ય સંજય સોલંકીએ પુછેલા પ્રશ્નના જવાબમાં ગૃહમંત્રીએ જણાંવ્યા મુજબ જિલ્લામાં દારૂના અડ્ડાઓ અને બુટલેગરો સંદર્ભે છેલ્લા બે વર્ષમાં ૩૯૭ ફરિયાદો મળી છે. જયારે મળેલી ફરિયાદો અન્વયે ગુનાહીત પ્રવૃતિ કરનારા ઈસમો વિરૂધ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

પગલા લેવા.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તાલુકાના અગ્રણીઓનો રોષ ઠંડો પાડવાના પ્રયાસો થશે તેવા સંકેતો મળી રહ્યા છે. દરમ્યાન પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કોંગ્રેસ દ્વારા તેના ચૂંટાયેલા સભ્યોની બે બેઠકો થઈ ગઈ છે. પ્રથમ જિલ્લા સમિતિ ખાતે આ બેઠક બોલાવાઈ હતી અને બીજી બેઠક ગઈકાલે ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં પણ પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓ સામે પગલાં લેવાની વાતને લઈ ગણગણાટ થતો સંભળાયો હતો.

ગુલમહોર ● ૪ પાનાનું ચાલુ...

નહિ આપે. રાજાએ પણ મૂળ અને ફૂળ વિશે પોતાની અસલિયત જાણવાની ઉત્સુકતા સાથે યુવાનને અભયવચન આપી દીધું.

યુવાને કહ્યું કે "હે રાજન, ન તો આપ મૂળ રુપે રાજા છો અને ન તો આપનો વ્યવહાર પણ રાજવી પરિવારને છાજે એવો છે. આપ રાજવી પરિવારનું સંતાન નથી પરંતુ કોઈ સામાન્ય પરિવારનું સંતાન છો અને આપને નસીબજોગે રાજગાદી પ્રાપ્ત થઈ છે." આ સાંભળીને તો રાજા ખરેખર ગુસ્સે ભરાઈ ગયા. જો કે પોતે જ અભયવચન આપ્યું હોવાથી તેઓ કશું કરી શકે એમ પણ નહોતા. રાજાએ હવે પોતાના પિતા (મહારાજા) પાસે જઈને પૃચ્છા કરી કે "હું કોણ છું? મારા જન્મનું રહસ્ય શું છે? મારા ખરા માતા-પિતા કોણ છે?"

અચાનક આવા સવાલોથી મહારાજા પણ વિચલિત થઈ ગયા અને આખરે મહારાજાએ પોતાની ગાદી સંભાળી રહેલા રાજા (પુત્ર)ને કહ્યું કે "સાચી વાત એ છે કે મારે અને મહારાણીને કોઈ સંતાન નહોતું. આથી અમારે રાજકુમાર તરીકે દીકરો દત્તક લેવાનો હતો. ઘણી બધી તપાસ કર્યા બાદ એક ખાટકી (કસાઈ) અમને પોતાનો નવજાત પુત્ર અમને દત્તક આપવા તૈયાર થયો હતો. આમ અમે તારા ખરા માતા-પિતા નથી."

રાજા તો આ સાંભળીને અવાક્ રહી ગયા. રાજાએ ફરીથી યુવાનને બોલાવીને પૂછ્યું કે "મારા ફૂળ વિશે તને કેવી રીતે ખબર પડી?"

યુવાને જવાબ આપ્યો કે "હે રાજન, સામાન્ય રીતે કોઈ પણ રાજા, મહારાજા, શહેનશાહ કે નગરશેઠ યા શ્રેષ્ઠી પોતાની રૈયત ઉપર કે પોતાના નોકર-ચાકર વર્ગ વગેરે ઉપર પ્રસન્ન થાય ત્યારે સોનામહોર, ચાંદી, હીરા-મોતી, ઝવેરાત, જમીન જેવી કિમતી ચીજવસ્તુઓ ઈનામસ્વરુપે આપે છે. જ્યારે આપના તરફથી મને હંમેશા અનાજ,તેલ-ઘી, ઘેટાં-બકરાં યાને માંસ જ ભેટસોગાદ તરીકે આપવામાં આવ્યાં છે. આમ આપનો વ્યવહાર રાજપરિવારને છાજે એવો નથી." રાજાએ હવે યુવાનનો જવાબ સાંભળીને તેને અનાજ, ઘી-તેલ, ઘેટાં-બકરા વગેરે ઈનામમાં આપવાના બદલે પોતાના ગળામાંથી મોતીનો હાર કાઢીને ભેટમાં આપ્યો તથા સોના-ચાંદી, ઝવેરાત, જમીન વગેરે પણ આપ્યા. બીજી તરફ યુવાને તમામ ભેટનો વિનયપૂર્વક અસ્વીકાર કરીને કહ્યું કે "હવે આ બધી ભેટસોગાદોનો કોઈ અર્થ નથી."

જસ્ટ ટ્વીટ:-

"ધનદોલત હોય એટલે સંસ્કાર પણ આવે એવું બનતું નથી. ધનની અમીરાત સાથે મનની મિરાત આવી શકે નહિ." – રવિશંકર મહારાજ

લાકડા આપશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લાકડા વિતરણ માટે આયોજન કરવામાં આવતા સ્થાનિકોની તકલીફનો અંત આવ્યો છે. ગાંધીનગરમાં અંદાજિત ૧૦૦ ઠેકાણે સોસાયટીના સંચાલકો દ્વારા હોળી દહન કરવામાં આવે છે જયારે આ અન્વયે અંદાજિત ૧૫૦૦ મણ લાકડાનો વપરાશ થાય છે. એક મણ લાકડાનો ભાવ રૂ ૨ ૨ છે. તે મુજબ લાકડાનુ વેચાણ કરવામાં આવશે. સે-૧૭ સ્થિત વનતંત્રની કચેરીએ લાકડાનુ વેચાણ કરવામાં આવશે. છેલ્લા બે વર્ષથી વનતંત્ર દ્વારા લાકડાનુ વેચાણ કરવામાં આવતુ ન હતુ પરંતુ આ વર્ષે નગરજનોની રજુઆતને ધ્યાને લઈ હોળીના પર્વ દરમિયાન ફરી લાકડા વેચાણથી ઉપલબ્ધ થાય તે મુજબની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

વધુ એક કૌભાંડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્વેલરી, આવાસ ઉપર વ્યાપક દરોડા પાડવામાં આવ્યા બાદ જપ્ત કરવામાં આવી ચુક્યા છે. આગામી દિવસોમાં આ કાર્યવાહી વધુ જારી રહી શકે છે. નિરવ મોદીની વિદેશી સંપત્તિમાં પણ તપાસ કરવામાં આવી રહી છે. તેમના પાસપોર્ટને જપ્ત કરવામાં આવ્યા બાદ ઉંડી કાર્યવાહી વિદેશમાં પણ ચાલી રહી છે. તેમના તમામ બેંક ખાતા બંધ કરી દેવામાં આવ્યા છે. અત્રે નોંધનીય છે કે, આ બેંક કૌભાંડના સંદર્ભમાં તમામ વિગતો સપાટી પર આવે તે પહેલા જ નિરવ મોદી વિદેશ ફરાર થઈ ગયા હતા. હાલમાં જ એવા અહેવાલ પણ આવ્યા હતા કે, નિરવ મોદી અમેરિકામાં છે અને સૌથી મોંઘી હોટલમાં રોકાયેલા છે. બીજી બાજુ તેમના મામા મેહુલ ચોક્સી ઉપર પણ સકંજો મજબૂત કરવામાં આવી રહ્યો છે. તેમની સંપત્તિ પણ જપ્ત કરવામાં આવી ચુકી છે.

અંતિમ સંસ્કાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અમીરાત હોટલ રુમમાં શરાબના નશામાં સંતુલન ગુમાવ્યા બાદ બાથટબમાં પડી ગઈ હતી અને એક્સીડેન્ટલ ડ્રાઉનિંગ અથવા તો આકસ્મિકરીતે ડુબી જવાથી તેનું મોત થઈ ગયું હતું. જો કે, ત્યારબાદ પણ સંતુષ્ટ તપાસ અધિકારીઓ ન થતાં સીસીટીવી અને અન્ય એંગલથી પણ તપાસ કરવામાં આવી હતી. શ્રીદેવીના પરિવારના સભ્યો અને હોટલના સ્ટાફની પુછપરછ થઈ હતી. આખરે ઉંડી તપાસનો દોર શનિવારથી ચાલ્યા બાદ હવે પૂર્ણ થઈ ચુક્યો છે. દુબઈ પબ્લિક પ્રોસીક્યુટર ઓફિસે શ્રીદેવીના મોત કેસને હવે બંધ કરી દીધો છે અને ફોરેન્સિક રિપોર્ટને ટાંકીને કહેવામાં આવ્યું છે કે, બેભાન થઈ ગયા બાદ પોતાના રુમમાં એક્સીડેન્ટલ ડ્રાઉનિંગથી શ્રીદેવીનું મોત થયું હતું. મુંબઈ લાવવામાં આવ્યા બાદ શ્રીદેવીના મૃતદેહને મુંબઈના ઉપનગરીય અંધેરી વેસ્ટમાં શ્રીદેવીના આવાસમાં રાખવામાં આવશે જ્યાં અંતિમ દર્શન ચાહકો અને બોલીવુડની સેલિબ્રીટીઓ કરી શકશે. શ્રીદેવીની ઈચ્છા મુજબ તેના આવાસને તમામ સફેદ ફુલોથી સજાવી દેવામાં આવ્યું છે. દુબઈ પબ્લિક પ્રોસીક્યુશન ડિપાર્ટમેન્ટ દ્વારા શ્રીદેવીના મોતના મામલામાં કાયદાકીય પ્રક્રિયા પરિપૂર્ણ કરી લેવામાં આવી છે. ખુબ હાઈપ્રોફાઈલ કેસ હોવાના કારણે તમામ સાવચેતી રાખવામાં આવી હતી. શ્રીદેવીના મૃતદેહને પરિવારને સોંપતા પહેલા ૧૦૦ ટકા ખાતરી કરવામાં આવી હતી જેના પરિણામ સ્વરુપે પાર્થિવ શરીરને પરિવારને સોંપવામાં વિલંબ થયો હતો. દુબઈ પોલીસ દ્વારા હવે તમામ ખાતરી કરી લેવામાં આવી છે. દુબઇ મિડિયા ઓફિસે કહ્યું છે કે, વ્યાપક તપાસ બાદ મૃતદેહ પરિવારને સોંપવાનો નિર્ણય કરવામાં આવી ચુક્યો છે.

હત્યાની શંકા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શરૂ થયો છે. શનિવારે મોડી રાત્રે જુમેરાહ અમીરાત ટાવરની હોટલમાં પોતાના રુમના બાથરુમમાં બેભાન હાલતમાં શ્રીદેવી મળી હતી. શ્રીદેવીના મોતના મામલે જુદી જુદી થિયરી સપાટી પર આવી રહી છે. કોઇ પણ બાબત સમજાઇ રહી નથી. આગામી દિવસોમાં કેટલીક નવી વિગત પણ ખુલી શકે છે. હાલમાં તપાસનો દોર ચાલી રહ્યો છે. સુબ્રમણ્યમ સ્વામીના નિવેદનને લઈને લોકોમાં ચોક્કસપણે ચર્ચા છે પરંતુ પબ્લિક પ્રોસીક્યુશન દ્વારા આખરે શ્રીદેવીના કેસને બંધ કરી દેવામાં આવ્યો છે અને આમા જણાવવામાં આવ્યું છે કે, આકસ્મિકરીતે બાથટબમાં ડુબી જવાથી શ્રીદેવીનું મોત થયું છે. આની સાથે જ હાલમાં ચાલી રહેલી જુદી જુદી થિયરીનો અંત આવ્યો છે.

બુદ્ધથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જણાવ્યું કે કોરિયા અને ભારત વચ્ચે અનેક સમાનતાઓ છે. બુદ્ધની વાત હોય કે બોલિવુડની કે પછી પ્રિન્સેસથી લઈને પોએટ્રી સુધી દરેકમાં બંને દેશો વચ્ચે સમાનતા જોવા મળે છે. દુનિયામાં થોડાક જ એવા દેશો છે કે જેમાં તમને અર્થતંત્રમાં ત્રણેય મહત્વના ફેક્ટર એક સાથે જોવા મળે છે- ડેમોક્રસી, ડેમોગ્રાફી અને ડિમાન્ડ. અને અમે ગર્વ સાથે કહી શકીએ છીએ કે ભારતમાં આ ત્રણેય હાજર છે. જ્યારે હું ગુજરાતમાં હતો ત્યારે કોરિયા ગયો હતો. મને આશ્ચર્ય થયું હતું કે એક દેશ આ રીતે પ્રગતિ કેવી રીતે કરી શકે છે. તેમણે કોરિયાના આંત્રપ્રેન્યોરના વખાણ કરતા જણાવ્યું કે જે રીતે કોરિયાએ પોતાની બ્રાંડને વિશ્વ સ્તરે રજૂ કરી છે તે આશ્ચર્ય પમાડે છે અને તેની પ્રશંસા કરવી જોઇએ. તેમણે કહ્યું કે આઈટી, ઈલેક્ટ્રોનિકથી લઈને ઓટોમોબાઈલ અને સ્ટીલ સુધી કોરિયાએ વિશ્વને સારા ઉત્પાદનો આપ્યા છે.

મતદાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હવે ત્રીજી માર્ચના દિવસે પૂર્વોતરમાં કોની સરકાર બનશે તે અંગે ચિત્ર સ્પષ્ટ થશે. તમામ મતદાન મથકો પર લાંબી લાઈન જોવા મળતા ઉંચા મતદાનની અપેક્ષા શરૂઆતથી જ દેખાઈ રહી હતી. બન્ને રાજ્યોમાં મતદાનને લઈને તમામ તૈયારી પહેલાથી જ કરી લેવામાં આવી હતી. આ બન્ને રાજ્યોમા આજે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે મતદાન યોજા હતું. ઉત્તરપૂર્વીય રાજ્યોમાં પોતાની તાકાતને વધારી દેવા માટે આ વખતે ભાજપે તમામ તાકાત લગાવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહે જોરદાર પ્રચાર કર્યો હતો. નાગાલેન્ડમાં ૧૯૫ ઉમેદવારોના ભાવિ મતદાન શરૂ થયા બાદ ઈવીએમમાં સીલ તઈ ગયા હતા. નાગાલેન્ડમાં જે ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે તે પૈકી અડધાથી વધારે કરોડપતિ છે. રાજ્યમાં કુલ મતદારોની સંખ્યા ૧૧૮૯૨૬૪ નોંધાઈ હતી.

જીએસટી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નાણામંત્રી કહ્યું હતું કે, છેલ્લા થોડાક વર્ષોમાં આ પ્રકારના કેટલાક બનાવોના કારણે બેંકો સાવધાન રહે તે જરૂરી છે. તેમના ક્લાઈન્ટોના ઈશારે જંગી નાણાની છેતરપિંડી કરવામાં આવી ચુકી છે પરંતુ દોષિતો સામે કાર્યવાહી કરવામાં આવશે. કોઈને છોડવામાં આવશે નહીં.

જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત રામગઢી જળ અને સ્વચ્છતા સમિતિ તા. મેઘરજ, જી. અરવલ્લી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

૧.	વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૮૧૦ મીટર લેબરકામ (મકવાણા ફળી)	૧૪૭૩૫૬.૯૧
૨.	ઘર જોડાણ ૧૦ નંગ	૧૦૦૦૦.૦૦

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩/૩/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૭/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી રામગઢી જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

ટેન્ડર મોકલવાનું સરનામું
રામગઢી જળ અને સ્વચ્છતા સમિતિ
તાલુકો - મેઘરજ, જીલ્લો - અરવલ્લી

જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત કૃષ્ણપુરા જળ અને સ્વચ્છતા સમિતિ તા. મેઘરજ, જી. અરવલ્લી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

૧.	વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૨૯૭/૧૧૪૧ મીટર લેબરકામ (મકવાણા ફળી)	૪૩૮૪૯૭.૦૫
૨.	વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૭૦૩/૧૪૯૮મીટર લેબરકામ (વણકરવાસ)	૪૯૨૯૭૮.૮૫
૩.	ઘર જોડાણ ૧૨૪ નંગ	૧૨૪૦૦૦.૦૦

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩/૩/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૭/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી કૃષ્ણપુરા જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

ટેન્ડર મોકલવાનું સરનામું
કૃષ્ણપુરા જળ અને સ્વચ્છતા સમિતિ
તાલુકો - મેઘરજ, જીલ્લો - અરવલ્લી

જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત બાંટીવાડા (લાલુ) જળ અને સ્વચ્છતા સમિતિ તા. મેઘરજ, જી. અરવલ્લી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

૧.	વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૮૮૮/૭૪૫ મીટર લેબરકામ (કુવાવાળી ફળી)	૩૮૪૦૦૪.૯૮
૨.	વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૯૮૭/૮૯૦ મીટર લેબરકામ (ઉંડાવાઘા ફળી)	૪૧૦૮૯૮.૭૩